# આજે મહાનગરના મહાજંગનો ફેસલો

## સવારે નવ કલાકથી પાંચ સ્થાનો પર મતગણતરી આરંભાશે : બપોર સુધીમાં અગીયારે વોર્ડની ગણતરી પુરી થવાની શક્યતા : ત્રણે પક્ષોના ગણિત ખોરવાવાની વ્યાપક ચર્ચા : શરત બજાર ગરમાગરમ








ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૬૨ ઉમેદવારોના ભાવિ આજે ખુલશે. મહાનગરપાલિકાના મતદાનની મતગણતરી આજે સવારે નવ વાગ્યે પાંચ સ્થાનો પર હાથ ધરવામાં આવશે.

મનપાની મતગણતરીના પરિણામોનો પ્રથમ ટ્રેન્ડ ૧૦ વાગ્યા સુધીમાં મળી જશે. તમામ ૪૪ બેઠકોનું પરિણામ બપોરે ૩ વાગ્યા સુધીમાં આવી જશે.

ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડની સામાન્ય ચૂંટણીનું ગઈકાલે ૫૬.૨૪ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. આજે મતગણતરી અંગેની તમામ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

૬ થી ૧૦ ટેબલો પર આ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી પહેલાં પોષ્ટલ બેલેટના મતની ગણતરી હાથ પર લેવામાં આવશે અને ત્યારબાદ ઈ.વી.એમ.ની મતગણતરી હાથ ધરવામાં આવશે.

મતગણતરી અને પરિણામોને લઈ ગાંધીનગરના રાજકારણમાં ભારે ગરમી જોવા મળી રહી છે. આ વખતનો જંગ ત્રિપાંખિયો રહ્યો છે એટલે શરતોનું બજાર પણ જામ્યુ છે. આ ચૂંટણીના પરિણામો ગાંધીનગર જ નહિ પણ ગુજરાતના રાજકારણમાં ચર્ચા જગાવશે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં મતદાર વિસ્તાર વધવા પછી પણ ગત ચૂંટણી કરતાં જે મતદાન વધવુ જોઈએ તેટલુ વધ્યુ નથી. શહેરના સેક્ટરોમાં મતદાન ઓછુ થયુ છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં મતદાન ભારે થયુ હોવાથી રાજકીય પક્ષો પણ અવઢવમાં છે.

ત્રણેય પક્ષોનું ગ્રામ્ય વિસ્તારમાં સંગઠ્ન જોઈએ તેટલુ મજબુત નથી અને તેને કારણે જ રાજકીય પક્ષો અવઢવની સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

કોંગ્રેસ કહે છે કે વિધાનસભાની ચૂંટણીમાં નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં અમારા મતદારો વધુ છે. તો બીજી તરફ ભાજપ કહે છે કે વિકાસની

● અનુસંધાન પાન-૭ પર

### ત્રણેય ચૂંટણીઓ ત્રણ નવા સીમાંકનો સાથે યોજાઈ છે

## મનપાની ચૂંટણીની કેટલીક વણકથી વાતો...

**ભાજપ-કોંગ્રેસે એકેય ચૂંટણીમાં ૪૫ ટકાથી વધુ મત મેળવ્યા નથી, બીજી કોર્પોરેશનમાં એક સભ્યનો પક્ષ પલ્ટો અને એકની પેટા-ચૂંટણી થઈ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ ચૂંટણી જંગમાં ભાજપને ૪૪.૯૩ ટકા મત મળ્યા હતા અને ૧૫ બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો. જ્યારે કોંગ્રેસને ૪૪.૨૦ ટકા મત મળ્યા હતા અને ૧૮ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

- ૨૦૧૧ની ચૂંટણીમાં ૫૮.૯૮ મતદાન નોંધાયુ હતુ. જ્યારે ૨૦૧૬માં ૫૨.૦૨ ટકા મતદાન નોંયુ હતુ. ૨૦૨૧માં હદમાં વધારો કરી અને સામાન્ય ચૂંટણી યોજાઈ છે અને મતદાન ૫૬.૨૪ ટકા નોંધાયુ છે.
- ગાંધીનગર મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી છે અને ત્રણેય ચૂંટણીમાં અલગ અલગ સીમાંકન રહ્યા છે એટલે આ નગરની કોઈ ચોક્કસ વોટ પેટર્ન રહી નથી. આમ છતાંય આ મહાનગરપાલિકાના જંગમાં સ્પર્ધા ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહી છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીના પરિણામો પછી પહેલીવાર ૩ કોંગ્રેસના સભ્યોએ પક્ષ પલ્ટો કર્યો હતો તો બીજીવાર એક સભ્યએ પક્ષ પલ્ટો કર્યો હતો. બીજી ટર્મમાં એકવાર પેટા-ચૂંટણી યોજાઈ હતી અને તેમાં ભાજપનો વિજય થયો હતો.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં સૌથી ઓછુ મતદાન સે. ૨૯ની પ્રા. શાળા નં. ૨ ના એક બુથમાં થયુ છે. જ્યાં ૨૭ પુરૂષો અને ૩૨ મહિલાઓએ મળી કુલ ૫૯ મતદારોએ જ મતદાન કર્યુ છે. તો વોર્ડ નં. ૬ માં સરકારી પ્રા. શાળાના એક બુથમાં ૮૨ પુરૂષ અને ૬૧ મહિલાઓએ જ મતદાન કર્યુ છે. સે. ૩૦ માં એક બુથમાં ૭૬ પુરૂષ અને ૫૭ મહિલાઓએ મતદાન કર્યુ છે. વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ એ એવા વોર્ડ છે જ્યાં કુલ મતદારો ૯૩ હજારથી વધુ છે. આ વોર્ડના પરિણામો જ નવા મનપાના સૂત્રધારો નક્કી કરશે તેમ મનાઈ રહ્યુ છે.

## કયા વોર્ડમાં કયાં કેટલુ મતદાન

| વોર્ડ નં.૧ | કેટલુ મતદાન |
|---|---|
| રાંધેજા | ૭૩૬૦ |
| સે. ૨૫ | ૧૪૩૨ |
| સે. ૨૬ | ૩૬૧૯ |

| વોર્ડ નં. ૨ | કેટલુ મતદાન |
|---|---|
| પેથાપુર | ૧૦,૮૫૩ |
| સે. ૨૮નો ભાગ | ૧૨૩૦ |
| જીઈબી કોલોનીનો ભાગ | ૧૨૧૯ |
| આદીવાડી | ૧૩૧૩ |

| વોર્ડ નં. ૩ | કેટલુ મતદાન |
|---|---|
| સે. ૨૪ | ૬૪૮૬ |
| સે. ૨૭ | ૩૧૯૯ |
| સે. ૨૮ | ૧૭૨૩ |

| વોર્ડ નં. ૪ | કેટલુ મતદાન |
|---|---|
| બાસણ | ૧૦૯૭ |
| પાલજ | ૧૫૫૧ |
| સે. ૨૦ | ૧૬૫૫ |
| સે. ૨૯ | ૧૫૨૦ |
| જીઈબીનો ભાગ | ૯૮૮ |
| બોરીજ | ૨૧૪૪ |
| ઈન્દ્રોડા | ૨૨૭૫ |
| ધોળાકુવા | ૨૫૭૦ |
| પેથાપુર કસ્બો | ૨૮૭૭ |

| વોર્ડ નં. ૫ | કેટલુ મતદાન |
|---|---|
| સે. ૧૯ | ૪૧૩ |
| સે. ૨૧ | ૧૪૬૨ |
| સે. ૨૨ | ૨૫૮૮ |
| સે. ૨૩ | ૧૮૪૬ |
| સે. ૨૯નો કેટલોક ભાગ | ૧૦૦૫ |
| સે. ૩૦ | ૧૭૨૬ |

| વોર્ડ નં. ૬ | કેટલુ મતદાન |
|---|---|
| સે. ૧૨ | ૧૦૬૦ |
| સે. ૧૩ | ૪૩૧૪ |
| ગોકુલપુરા | ૧૫૫૮ |
| સે. ૧૪ | ૨૯૮૬ |
| ફતેપુરા | ૧૧૫૭ |
| સે. ૧૬ | ૧૪૨૧ |
| સે. ૧૭ | ૬૫૪ |

| વોર્ડ નં. ૭ | કેટલુ મતદાન |
|---|---|
| કોલવડા | ૭૧૬૨ |
| વાવોલ | ૭૪૧૬ |

| વોર્ડ નં. ૮ | કેટલુ મતદાન |
|---|---|
| સે. ૪ | ૪૨૫૧ |
| સે. ૫ | ૩૮૬૭ |
| ટીપી.૯ સરગાસણ | ૪૦૬૨ |
| પોર | ૨૭૨૬ |
| અંબાપુર | ૧૮૬૩ |

| વોર્ડ નં. ૯ | કેટલુ મતદાન |
|---|---|
| સે. ૨ | ૫૨૨૨ |
| સે. ૩ | ૪૮૮૪ |
| સે.૩-એ-ન્યુ | ૧૧૫૪ |
| કુડાસણ | ૫૧૬૬ |
| ભાઈજીપુરા | ૮૨૬ |

| વોર્ડ નં. ૧૦ | કેટલુ મતદાન |
|---|---|
| રાંદેસણ | ૧૮૦૦ |
| રાયસણ | ૨૨૮૨ |
| જુના કોબા | ૭૨૨ |
| નવા કોબા | ૧૮૩૭ |
| સે. ૧ | ૭૮૧ |
| સે. ૬ | ૨૩૮૮ |
| સે. ૭ | ૩૩૫૭ |
| સે. ૮ | ૧૩૭૩ |
| ધોળાકુવાનો ભાગ | ૧૨૯૬ |

| વોર્ડ નં. ૧૧ | કેટલુ મતદાન |
|---|---|
| ખોરજ | ૩૭૮૪ |
| ઝુંડાલ | ૪૪૦૫ |
| અમીયાપુર | ૧૧૫૮ |
| સુઘડ | ૧૭૨૧ |
| ભાટ | ૩૯૦૫ |
| કોટેશ્વર | ૧૫૫૦ |
| નભોઈ | ૯૩૦ |

# શહેરના મુખ્યમાર્ગો પર ટ્રીમીંગનુ કામ શરૂ

**વૃક્ષોની લટકતી ડાળીઓની કટોતી : સેકટરોના આંતરિક માર્ગો પર પણ ઝડપથી ટ્રીમીંગ કરવા માટે રજુઆત**

ગાંધીનગર તા ૪

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ લાંબા સમયતી લટકતી વૃક્ષોની ડાળીઓથી રાહદારીઓ પરેશાન છે. વરસાદી દિવસોના અંતે હવે વનતંત્રએ વૃક્ષોનુ ટ્રીમીંગ શરૂ કરી દેવાયુ છે. શહેરના ઉભા અને આડા માર્ગો પર ટ્રીમીંગ કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગી છે. નગરના ઘ-૫ થી ઘ-૬ વચ્ચેના રૂટમાં આજે લટકતી ડાળીઓનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશ બનેલી ડાળીઓ પણ ઝડપથી દુર કરવા માટે સ્થાનિકોએ રજુઆત કરી છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ લટકતી હાલતમાં જોવા મળે છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશ બનેલી વૃક્ષોની ડાળીઓના ટ્રીમીંગ માટે સ્થાનિકો દ્વારા વારંવાર રજુઆત કરવામાં આવી છે. જયારે મુખ્યમાર્ગે પર પણ ફુટપાથ પર વોકીંગ કરનારા માટે વૃક્ષોની તોતિંગ ડાળીઓ આડશ બની છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ થયુ નથી. જેના લીધે રાહદારીઓ પરેશાન છે. સેકટરોમાં પણ નવરાત્રિ સમયે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પુરતુ પથરાતુ નથી. આ સ્થિતિને ધ્યાને લઈ વરસાદી દિવસોના અંતે શહેરના વિવિધ માર્ગો પર ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે શહેરના ઘ-૫ થી ઘ- ૬ વચ્ચેના રૂટમાં ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈની હાજરીમાં વનતંત્રની ટીમ દ્વારા ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આગામી દિવસોમાં તબક્કાવાર તમામ મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ શરૂ કરવામાં આવશે. દિવાળી પુર્વે સેકટરામાં તમામ રૂટમાં ટ્રીમીંગ થઈ જાય તે મુજબનુ આયોજન પણ કરવામાં આવશે. હાલ સેકટરોમાં લાંબા સમયના અંતે વૃક્ષોની લટકતી ડાળીઓ અવરોધરૂપ બની છે. જયારે આ માટે સ્થાનિકો દ્વારા પણ વારંવાર તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. જો કે અગાઉ પણ ગ્રાન્ટના અભાવે વનતંત્રના મજુરોને લાંબા સમય સુધી પગાર ન ચુકવાતા ટ્રીમીંગ અને સફાઈ સહીતની કામગીરી અટવાઈ હતી. હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરના સેકટરામાં ટ્રીમીંગના અભાવે સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. જેથી સેકટરોના આંતરિક વિસ્તારમાં ત્વરિત ટ્રીમીંગ કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે.




# ગાંધીનગર ડેપોને મોડેલ બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી

**ડેપો સંકુલના રીનોવેશનનુ કામ પણ લાંબા સમયથી હાથ ધરાયુ નથી**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો ભારોભાર અભાવ છે. અત્યાર સુધી મુસાફરોના ખિસ્સા કપાતા હતા હવે બસની વાટે ઉભેલા અપડાઉન કર્તાઓને સલામત છત પણ નસીબ થતી નથી. છતમાંથી સતત પાણી ટપકતા મુસાફરો માટે નવી સમસ્યા ઉભી થઈ છે. બીજીતરફ ડેપો સંકુલના રીનોવેશનની યોજના પણ હજુ સુધી અધ્ધરતાલ છે. ડેપો સંકુલના રીનોવેશનનુ કામ હજુ સુધી શરૂ થયુ નથી ત્યારે મુસાફરો રોજબરોજ વધતી દુવિધાઓથી પરેશાન છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. રાણીપ ગીતા મંદિર સહીતના ડેપોને અદ્યતન કરી દેવાયા બાદ ગાંધીનગર ડેપોને પણ મોડેલ ડેપો બનાવાની વાતો કાને અથડાતી હતી પરંતુ છેલ્લા ચાર વર્ષના અંતે પણ આ મામલે કોઈ કામગીરી થઈ નથી. જેના લીધે ડેપો સંકુલમાં

● અનુસંધાન પાન-૭ પર

## ડેપો સંકુલમાં ૧૦ નવા સી સી કેમેરા લગાવાનુ કામ શરૂ કરાયુ

ગાંધીનગર ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ડેપો સંકુલમાં અવારનવાર મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. મુસાફરોના ખિસ્સામાથી મોબાઈલ ફોન તેમજ પાકીટની ઉઠાંતરી કરતા જાણભેદુ ગઠીયાઓના લીધે ડેપો સંકુલમાં ભયની લાગણી વ્યાપી છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે વારંવાર માંગણી ઉઠવા પામી છે. ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયા બાદ પણ હજુ સુધી પોલીસતંત્રએ રસ દાખવ્યો નથી જેના લીધે ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા દોઢ વર્ષથી ડેપો સંકુલમાં સી સી કેમેરા પણ બંધ હાલતમાં હોવાના લીધે જાણભેદુ ગઠીયાઓને મોકળુ મેદાન મળ્યુ હતુ. બંધ સી સી કેમેરા ચાલુ કરાવવા માટે પણ અવારનવાર રજુઆત કરવામાં આવી હતી. જયારે લાંબા સમયના અંતે ડેપો સંકુલમાં નવા સી સી કેમેરા નાંખવાનુ કામ શરૂ કરાયુ છે. ડેપોમાં હાલ નવા ૧૦ સી સી કેમેરા લગાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેના લીધે હવે ડેપો સંકુલમાં આંટા મારતા જાણબેદુ ગઠીયાઓ પણ હાથ અજમાવતા ડરશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com